# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-05-2022** **Midday : 1.20 to 1.30 PM**
**Day:-Thursday** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ભારતીયોએ પ્રાચીન પરંપરાઓ અને આધુનિક જ્ઞાનના સમન્વયથી નવા ભારતના નિર્માણના પ્રયાસો શરૂ કર્યા છે, ત્યારે વિશ્વ સમુદાય ભારત તરફ નવી આશાથી જોઈ રહ્યો છે.
- ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે અનાજની સલામતી ક્ષેત્રે ઉભા થયેલા પડકારોને દુર કરવા સહિયારો પ્રયાસ કરવા ઉપર ભાર મુક્યો છે.
- ઉપરાષ્ટ્રપતિ એમ.વેંકૈયા નાયડુએ દેશના ગ્રામીણ ક્ષેત્રમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને આંખોના દર્દોની સારવાર સુવિધાથી સજ્જ બનાવવા અનુરોધ કર્યો છે.
- કેન્દ્ર સરકારે આગામી ચાર વર્ષમાં દેશભરમાં 200 વિમાન મથકો, વોટરડ્રોમ અને હેલીપેડ બનાવવાની યોજના બનાવી છે.
- આકાશવાણીના સત્તાવાર ટ્વિટર હેન્ડલ "એટધરેટ એર ન્યૂઝ એલર્ટ્સ"ના ફોલોવર્સની સંખ્યામાં વધીને 30 લાખથી વધુ થઈ છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

# પ્રધાનમંત્રી યુવા શિબિર

ભારતીય નાગરિકોએ પ્રાચીન પરંપરાઓ અને આધુનિક જ્ઞાનના સમન્વયથી નવા ભારતના નિર્માણના પ્રયાસો શરૂ કર્યા છે, ત્યારે સંઘર્ષ અને અસંતોષરૂપી પ્રશ્નોથીગ્રસ્ત વિશ્વ સમુદાય ભારત તરફ નવી આશાથી જોઈ રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વડોદરામાં સ્વામિનારાયણ મંદિરો દ્વારા આયોજીત યુવા શિબિરને સંબોધતા જણાવ્યું હતું કે, આપણે સમગ્ર માનવજાતીને દિશા સૂચવી શકે તેવા નવા ભારતનું નિર્માણ કરવાનું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, યોગ અને આયુર્વેદના સામર્થ્યથી યોગ અને આયુર્વેદ તેમજ વિજ્ઞાન ક્ષેત્રે પ્રગતી સાંધતો ભારત સમગ્ર વિશ્વ માટે આશાનું કિરણ લઈ આવ્યો છે. કોરોનાના કપરા કાળમાં ભારતીય વૈજ્ઞાનિકોએ તૈયાર કરેલી રસી અને દવાઓની મદદથી આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને નવું બળ મળ્યું છે.

શ્રી મોદીએ યુવાઓ માટે સંસ્કાર અભ્યુદય શિબિર યોજવાના સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રયાસોને બિરદાવ્યા હતા. સ્વામિનારાયણ મંદિર, કુંડલ ધામ અને કારેલી બાગ ખાતેના સ્વામિનારાયણ મંદિર દ્વારા યોજાયેલા આ શિબિરમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ અને રાજ્યના મંત્રી મનીષાબેન વકીલ ઉપસ્થિત રહ્યા હતા.

# અન્ન સલામતી

ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે અનાજની સલામતી ક્ષેત્રે ઉભા થયેલા પડકારો અને તેનાથી અસરગ્રસ્તોના દુઃખોને દુર કરવા સહિયારો પ્રયાસ કરવા ઉપર ભાર મુક્યો છે.

વિદેશ રાજ્યમંત્રી વિ.મુરલીધરને ન્યુયોર્કમાં અન્ન સલામતી અંગેની મંત્રીસ્તરની યોજાયેલી બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, કોવિડની પરિસ્થિતિ અને હાલમાં રશિયા યૂક્રેન વચ્ચેના સંઘર્ષથી ઈંધણ અને આવશ્યક ચીજોના ભાવોમાં વધારો અને પુરવઠાની શ્રેણીને અસર થવાથી વિકાસશીલ દેશોને સૌથી વધુ અસર થઈ છે.

તેમણે વૈશ્વિક સ્તરે અનાજની સલામતી જાળવી રાખવા સમાનતા અને સામાજીક ન્યાયના ધોરણે જાળવી રાખવા ભારત પોતાની ભૂમિકા ભજવશે, તેમ જણાવ્યું હતું.

શ્રી મુરલીધરને ભારતે માનવતાના ધોરણે અફઘાનિસ્તાનને 50 હજાર મેટ્રીક ટન ઘઉં, મ્યાનમારને 10 હજાર ટન ચોખા અને ઘઉં તેમજ શ્રીલંકાને આપેલી અનાજની સહાયની વિગતો આપી હતી.

# ઉપરાષ્ટ્રપતિ આરોગ્ય

ઉપરાષ્ટ્રપતિ એમ.વેંકૈયા નાયડુએ દેશના ગ્રામીણ ક્ષેત્રમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને આંખોના દર્દોની પ્રાથમિક સારવાર સુવિધાથી સજ્જ બનાવવા અનુરોધ કર્યો છે.

હૈદરાબાદમાં રેટીના સંસ્થાનું વીડિયો કોન્ફર્સિંગ માધ્યમથી ઉદઘાટન કરતાં તેમણે લોકોમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં આંખોના આરોગ્ય અંગે જાગૃતિ કેળવવાનો અનુરોધ કર્યો છે.

તેમણે ખાનગી હોસ્પિટલોને ગ્રામીણ વિસ્તારોમાં સેટેલાઈટ સેન્ટર શરૂ કરીને આરોગ્ય સેવા ગ્રામીણ વિસ્તારોમાં પહોંચાડવાના સરકારના પ્રયાસોને મદદરૂપ થવા અપીલ કરી હતી.

ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું કે, આધુનીક જીવન શૈલી અને ઓફિસની કામગીરીમાં ઈલેક્ટ્રોનિક ગેઝેટ્સનો ઉપયોગ વધ્યો છે તેમજ ટીવી કે મોબાઈલ સ્ક્રીન સામેનો લોકોનો સમય વધ્યો હોવાથી આંખોને લગતી સમસ્યાઓમાં પણ વધારો થયો છે.

શ્રી નાયડુએ આંખોની યોગ્ય રીતે સંભાળ અને આંખોના દર્દો બાબતે જાગૃતિ આ બે પરીબળોને આંખોની સમસ્યાઓ ઉભી થતાં અટકાવવા માટે મહત્વના ગણાવ્યા છે.

# જ્યોતિરાદિત્ય- એર ટ્રાફિક

કેન્દ્ર સરકારે આગામી ચાર વર્ષમાં દેશભરમાં 200 વિમાન મથકો, વોટરડ્રોમ અને હેલીપેડ બનાવવાની યોજના બનાવી છે. આકાશવાણી સમાચાર સાથેના ઇન્ટરવ્યુમાં, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું કે, સરકાર નાગરિક ઉડ્ડયન માટે યોગ્ય ઇકોસિસ્ટમ બનાવીને માળખું વિકસાવવા અને કાફલાના કદમાં વધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તેમણે કહ્યું કે, છેલ્લા આઠ વર્ષમાં 67 નવા એરપોર્ટ, વોટરડ્રોમ અને હેલીપેડ બનાવવામાં આવ્યા છે જ્યારે તેના પહેલાના 70 વર્ષમાં માત્ર 74 એરપોર્ટ બનાવવામાં આવ્યા હતા.

શ્રી સિંધિયાએ ગગન નેવિગેશન સિસ્ટમ વિકસાવવા માટે ભારતીય વિજ્ઞાનીઓ અને એન્જિનિયરોની ક્ષમતાઓની પ્રશંસા કરી હતી. તાજેતરમાં, ઈન્ડિગો સ્વદેશી નેવિગેશન સિસ્ટમ ગગનનો ઉપયોગ કરીને વિમાન ઉતારનાર દેશની પ્રથમ વિમાનસેવા બની છે.

# આકાશવાણી ટ્વિટર

આકાશવાણીના સત્તાવાર ટ્વિટર હેન્ડલ “એટધરેટ એર ન્યૂઝ એલર્ટ્સ”ના ફોલોવર્સની સંખ્યામાં વધીને 30 લાખથી વધુ થઈ છે.

વધતાં જતાં ફોલોઅર્સની સંખ્યા ભારતની સત્તાવાર પ્રસારણ સંસ્થામાં લોકોનો વિશ્વાસ દર્શાવે છે.

આકાશવાણીના સમાચાર મહાનિદેશક એન.વી.રેડ્ડીએ શ્રોતાઓએ આકાશવાણીના સમાચારોમાં દર્શાવેલા વિશ્વાસ માટે તેમનો આભાર માન્યો છે અને આ સફળતાને ટીમ વર્ક એટલે કે સહિયારા પ્રયાસ થકી મેળવેલી સફળતા તરીકે દર્શાવી છે.

તેમણે કહ્યું છે કે, વર્ષ 1936માં શરૂ થયેલ આકાશવાણીના સમાચાર વિભાગ દ્વારા 77 ભારતીય ભાષાઓ અને બોલી ભાષાઓ તેમજ 12 વિદેશી ભાષાઓમાં સમાચારોનું પ્રસારણ થઈ રહ્યું છે.

# ગોયલ કોટન

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલીને કેન્દ્રીય વાણિજ્યમંત્રી પિયૂષ ગોયલને કોટન અને યાર્નના વધતા જતાં ભાવને રોકવા કાર્યવાહી કરવાની રજૂઆત કરી છે.

તમિલનાડુ સરકારની યાદીમાં જણાવ્યું છે કે, શ્રી સ્ટાલીને કેન્દ્રીય મંત્રીને લખેલા પત્રમાં કોટન અને યાર્નના વધતા જતાં ભાવથી કાપડ ઉદ્યોગ સામે ઉભા થયેલા પડકારોથી વાકેફ કરાયા છે.

શ્રી સ્ટાલીનનો આ પત્ર લઈને બધા જ રાજકીય પક્ષોના સાંસદોનું એક પ્રતિનિધિ મંડળ ગઈકાલે શ્રી પિયૂષ ગોયલને મળ્યું હતું અને કાપડ ઉદ્યોગના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે રજુઆત કરી હતી.

# કેરળ વરસાદ

ઉત્તર અને મધ્ય કેરળના ઘણા વિસ્તારોમાં ગઈકાલે રાતથી ભારે વરસાદ થઈ રહ્યો છે. આ વરસાદના પગલે કોચી શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હોવાના અહેવાલ છે.

એર્નાકુલમ જિલ્લામાં પેરીયાર નદી કાંઠે રહેતા લોકોને સતર્ક રહેવાની સૂચના અપાઈ છે.

સત્તાવાળાઓએ તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા નિયંત્રણ કક્ષો શરૂ કર્યા છે. દરમિયાન હવામાન વિભાગે છ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે અને માછીમારોને દરિયો નહીં ખેડવાની સૂચના આપી છે.

# કેબિનેટ - બાયોફ્યુઅલ

કેન્દ્રીય મંત્રીમંડળે બાયોફ્યુઅલ પરની રાષ્ટ્રીય નીતિ-2018માં સુધારાને મંજૂરી આપી છે. આ સુધારાનો હેતુ જૈવિક ઇંધણના ઉત્પાદન માટે વધુ જથ્થાને મંજૂરી આપવા, પેટ્રોલમાં ઇથેનોલના 20 ટકા મિશ્રણના લક્ષ્યને આગળ વધારવા અને દેશમાં જૈવ ઇંધણના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે.

જૈવ ઈંધણના ક્ષેત્રમાં પ્રગતિ અને જૈવ ઈંધણનું ઉત્પાદન વધારવા માટે સમિતિની બેઠકોમાં લેવાયેલા વિવિધ નિર્ણયો, સ્થાયી સમિતિની ભલામણો અને સમગ્ર વિશ્વમાં વીસ ટકા સુધી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ રજૂ કરવાના નિર્ણયને ધ્યાનમાં રાખીને આ સુધારા લાવવામાં આવ્યા છે.

# ઉત્તરાખંડ-ચારધામ યાત્રા

ઉત્તરાખંડમાં આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં પાંચ લાખ 72 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ ચારધામ યાત્રા કરી છે. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને નોંધણી ફરજીયાત કરવામાં આવી છે. જો કોઈએ નોંધણી ન કરાવી હોય તો, શ્રદ્ધાળુઓને ઋષિકેશથી પરત મોકલવામાં આવે છે. રાજ્ય સરકાર અને પોલીસ, શ્રદ્ધાળુઓની મદદ માટે શક્ય તમામ પ્રયાસો કરી રહી છે, તેમજ મુસાફરોની વધતી સંખ્યાને જોતાં વ્યવસ્થા પણ વધારવામાં આવી રહી છે.

# અમરનાથ પૂર્વ તૈયારી

આગામી 30મી જૂનથી શરૂ થનારી અમરનાથ યાત્રા માટે કાશ્મીરમાં અનંતનાગ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

જિલ્લા ન્યાયાધીશ પીયૂષ સિંગલાએ આકાશવાણી સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પરંપરાગત 36 કિલોમીટરના પહલગામ માર્ગ ઉપર શ્વાસ લેવાની તકલીફ યાત્રીકોમાં ઉભી થાય તો તેમને મદદરૂપ થવા ઓક્સિજન પોઈન્ટ્સ તારવી કાઢવામાં આવ્યા છે.

પર્યાવરણની રક્ષા હેતુથી અમરનાથ યાત્રાના માર્ગ ઉપર શૌચાલયો અને કચરા પેટીઓની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# રાષ્ટ્રપતિ

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે ભારત અને જમૈકા વર્ષ 2030ની વિકાસલક્ષી પરિકલ્પનાનો અભિગમ એકસમાન છે.

શ્રી કોવિંદે જમૈકા મુલાકાતના ત્રીજાને અંતિમ દિવસે ગઇકાલે જમૈકાની સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સબોધન કર્યું હતું.

રાષ્ટ્રપતિએ  કહ્યું કે, બંને દેશો વચ્ચે વેપાર, રેલવે, કૃષિ અને પ્રવાસન સહિત ઘણા ક્ષેત્રોમાં પરસ્પર સહકારની વિશાળ સંભાવનાઓ છે.

# એમઓયુ

કેન્દ્રના ભારે ઉદ્યોગ વિભાગ અને રાષ્ટ્રીય સંશોધન વિકાસ નિગમ વચ્ચે ભારતના ઉદ્યોગ ક્ષેત્રમાં સ્પર્ધાત્મકતા વધારવા માટે વિવિધ પ્રવૃત્તિઓ માટે સમજુતિ કરાર થયા છે.

ગઈકાલે દિલ્હીમાં થયેલા સમજુતી કરાર મુજબ રાષ્ટ્રીય સંશોધન વિકાસ નિગમ કેપીટલ ગૂડ્સ થીમ હેઠળ વિકસીત થનાર ઉત્પાદનો માટેની યોજનાઓના આધુનિકીકરણ પ્રવૃત્તિઓ હાથ ધરશે અને સમિક્ષા કરશે.

આ ઉપરાંત નિગમ દ્વારા બૌદ્ધિક સંપદા અધિકાર વ્યવસ્થાપન અને વિવિધ ઉત્પાદનોના વેપારી ધોરણે વેચાણ માટે સમર્થન અપાશે.

# શ્રીલંકા રાહત સામગ્રી

શ્રીલંકા માટે તમિલનાડુ સરકારે મોકલેલી રાહત સામગ્રી લઈ જતું પહેલું જહાજ ગઇકાલે ચેન્નઈ બંદરેથી રવાના થયું છે.

તામિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલીને લીલી ઝંડી બતાવી તેને પ્રસ્થાન કરાવ્યુ હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, આ ઉમદા કાર્ય માટે નાગરિકો સ્વેચ્છાથી ફાળો આપી રહ્યા છે. શ્રીલંકામાં પ્રવર્તમાન આર્થિક કટોકટીની પરિસ્થિતીમાં શ્રીલંકાના નાગરિકોને મદદરૂપ થવા તામિલનાડુ સરકાર તરફથી આ રાહત સામગ્રી મોકલવામાં આવી રહી છે. આ રાહત સામગ્રીમાં નવ હજાર મેટ્રિક ટન ચોખા, બસો ટન મિલ્ક પાવડર અને ચોવીસ ટન આવશ્યક દવાઓનો સમાવેશ થાય છે.